

# વિષય : વિદ્યાર્થી કેવા શિક્ષકોને પોતાનો રોલ મોડલ સમજે છે, તેનો અભ્યાસ

**પરમાર સંધ્યા ડી.**
(મ.શિક્ષક.પ્રા.વિભાગ)

- **પ્રસ્તાવના :** વિદ્યાર્થીઓ માટે શિક્ષકો માત્ર શાળા સમય પૂરતા મર્યાદિત નથી હોતા, પરંતુ તેઓ જીવનના માર્ગદર્શન અને પ્રેરણા સ્ત્રોત હોય છે.
- **શબ્દોનું અર્થઘટન :** વિદ્યાર્થીના મતે શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહાર કેવા હોવા જોઇએ? તેના આધારે વિદ્યાર્થી તેના"રોલ મોડલ" શિક્ષક પસંદ કરે છે.
- **વિષયની પસંદગી :** શાળામાં અલગ અલગ મનોવલણ ધરાવતા વિદ્યાર્થીઓ જોવા મળે છે, તેથી શાળાના શિક્ષકો કેવા હોવા જોઇએ? તેમને કેવા શિક્ષક ગમે છે? એ જાણી શિક્ષક પ્રત્યે તેવો કેવુ વિચારે છે જાણવુ ખૂબ જ જરૂરી વિષય મને લાગતો આ સિવાય વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે કઇ અપેક્ષાઓ છે એ પણ જાણવા મળશે.તેથી આ વિષય પર સંશોધન માટે પસંદ કર્યો.
- **સમસ્યાના સંભવિત કારણો :** વિદ્યાર્થી શિક્ષકને રોલ મોડલ તરીકે પસંદ કરવાનો અલગ અલગ દ્રષ્ટીકોણ કલાસમાં શિક્ષક દ્વારા અપ શબ્દ બોલવા. કલાસમાં શિક્ષક દ્વારા અન્ય વિદ્યાર્થી સામે અપમાન કરતું હોય.

  **શિક્ષક વાણી મુજબ તેનુ વર્તન ના હોય.**
- **સંશોધન માટેના નમૂના :** ધોરણ ૪, ૫, ૭ ના વિદ્યાર્થી પાસે નિબંધ લખાવ્યા જેમા વિષય હતો "મને કેવા શિક્ષક ગમે" અને "મારી શાળા" અને ધો. ૪, ૫ ના વિદ્યાર્થી પાસે પ્રશ્નાવલિ ભરાવી અને માહિતી એકત્રીત કરી.
- **તારણો :** વિદ્યાર્થીઓ શિક્ષક પોતાનો રોલ મોડલ ગણે છે. જેમાં સાથ સહકારની ભાવના હોય. ન્યાયી, સ્નેહી, જ્ઞાની હોય. સારું માર્ગદર્શન પ્રેરણા આપનાર હોય. આદર્શ વર્તન વ્યવહાર હોય. ફકત પુસ્તકનુ જ્ઞાન આપનાર જ ના હોય. વિદ્યાર્થીના વ્યકિતત્ત્વના નિર્માણમાં પ્રેરણા સ્ત્રોત હોય તેવા શિક્ષકને પોતાનો રોલ મોડલ માને છે.
- **અવલોકન :** વિદ્યાર્થીઓ માટે શિક્ષક માત્ર પાઠ શીખવનાર નથી પણ એક માર્ગદર્શક અને જીવન શૈલી માટેનું પ્રેરણા સ્ત્રોત પણ હોય છે.
- **ભાવિ સંશોધન :** વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરવ્યુ, જૂથ ચર્ચા, સમૂહ ચર્ચા, હોશિયાર વિદ્યાર્થી અને મધ્યમ વિદ્યાર્થી ધરાવતા વિદ્યાર્થી કેવી રીતે શિક્ષકોને જુદી રીતે જુએ છે. તેની માહિતી શિક્ષક પ્રત્યે વિવિધ શાળાઓમાં જેમકે ખાનગી, સરકારી, આશ્રમ શાળાના વિદ્યાર્થીઓનું દૃષ્ટીકોણ જુદુ પડે છે કે નહી તે તપાસો.

---



# વિષય : વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં જોવા મળતા અવરોધક પરિબળોનો અભ્યાસ

**ઠકકર મિલનબેન ડી.**
(મ.શિક્ષક પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :** આજના પરિવર્તનશીલ યુગમાં વિદ્યાર્થીઓના શિક્ષણમાં જોવા મળતા અવરોધક પરિબળો જેવા કે આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક, વ્યકિતગત અને શૈક્ષણિક વગેરે વિદ્યાર્થીઓના પરિણામ પર અસર કરે છે. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે અનુસૂચિ, સ્વરચિત પ્રશ્નાવલિ દ્વારા સંશોધન કરવામાં આવશે.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** શૈક્ષણિક અવરોધક એટલે શું ?"શૈક્ષણિક અવરોધક એટલે તે સમસ્યાઓ તથા પરિસ્થિતિઓ કે જે વિદ્યાર્થીઓના અભ્યાસ, અભ્યાસની સમજ, કામગીરી અથવા શૈક્ષણિક સફળતાને અસર કરે છે

❖ **શૈક્ષણિક અવરોધક પરિબળો :**

૧. **આર્થિક પરિબળો** : પરિવારની નબળી આર્થિક સ્થિતિ વિદ્યાર્થીઓને પૂરતા શૈક્ષણિક સાધનોથી વંચિત રાખે છે જે અભ્યાસ પર અસર કરે છે.

૨. **સામજિક પરિબળો** : ઘરમાં જો શિક્ષણ પ્રત્યે અનાશકિત હોય તો વિદ્યાર્થીઓમાં પણ અભ્યાસ પ્રત્યે ઉત્સાહ ઘટે છે.

૩. **વ્યકિતગત પરિબળ** : પરિવારમાં મૌલિક જરૂરિયાતો અને લાગણી સપોર્ટનો અભાવ, આ રીતે વિદ્યાર્થીઓ ઘરની સમસ્યાઓને કારણે શાળામાં સારૂં પરર્ફોમ નથી કરી શકતાં.

❖ **સંશોધન માટેના કયા નમૂના પસંદ કરવામાં આવ્યા :** ધોરણ ૪ અને ૫ ના વિદ્યાર્થીઓ